તુષાર એમ. ધોળકિયા, આઈ.એ.એસ.
સભ્ય સચિવ

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(ગુજરાત સરકારનું સાહસ)
"જલસેવા ભવન" છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.
ફેક્ષ : (૦૭૯) ૨૩૨૫૧૦૮૬
ફોન નં. : ૯૧-૦૭૯-૨૩૨૫૧૦૪૯, ૨૩૨૨૨૪૧૭
E-mail : msgwssb@gmail.com
Website : www.gwssb.gujarat.gov.in

પરિપત્ર નં.એબી/સીમે-૧-૨/શહેરી યોજના ફંડ/૨૦૧૮-૧૯/ ૨૨૧ તા. ૨૫.૫.૧૮

## -: પરિપત્ર :-

વિષય :- શહેરી વિકાસ વિભાગના ફંડમાંથી હાથ ધરવામાં આવતી શહેરી વિસ્તારની યોજનાઓ (અર્બન) અન્વયેની ફંડ માંગણી/ફાળવણીની કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવા બાબત

---

વંચાણે લીધા

(૧) બોર્ડના કા.આ.નં.પીબી/અર્બન સેલ/શહેરી યોજના/હિસાબી ફેરફાર/૩૯૬ તા.૧૬.૦૯.૧૦
(૨) બોર્ડના પરિપત્ર ક્ર. એબી/સીમે-૧—૨/૧૦-૧૧/ફા.નં૩૭/૩૯૬/૬૪૯૭ તા.૧૬.૦૯.૧૦
(૩) બોર્ડના પત્ર નં એબી/૩-૪/અર્બનસેલના/૬૭૨૪/૨૦૧૦ તા.૨૨.૦૯.૧૦
(૪) બોર્ડના પરિપત્ર ક્ર.પીબી/અર્બસેલ/૪૨૭ તા.૧૩.૦૩.૨૦૧૪
(૫) બોર્ડના કાર્યાલય આદેશ ક્ર.પીબી/અર્બનસેલ/ફંડ ફાળવણી/૪૩ તા.૨૩.૦૧.૨૦૧૭

---

## -: પ્રસ્તાવના :-

સંદર્ભ-(૧) ના કાર્યાલય આદેશથી શહેરી પા.પુ.અને ભુ.ગ.યો. ની યોજનાઓ અન્વયેની હિસાબી કામગીરી બોર્ડની ક્ષેત્રીય કચેરીઓ મારફત ડિપોઝીટ વર્ક તરીકે અર્બન સેલના પરામર્શમાં રહી હાથ ધરવા હુકમ કરવામાં આવેલ.

સંદર્ભ-(૨) ના પરિપત્રથી આ ડિપોઝીટ વર્કનું ફંડ અર્બનસેલની સુચના મુજબ બોર્ડની હિસાબી શાખાએ ફાળવવાનું નિયત થયેલ. આ કાર્યપધ્ધતિ અમલમા આવતા પૂર્વે અર્બન સેલ દ્વારા આ અંગેની કેશબુક અને બેંક એકાઉન્ટ અલગથી નિભાવવામા આવતા હતા.

સંદર્ભ (૧) અને (૨) પ્રમાણેના પત્રોથી ફેરફાર થયેલ કાર્યપધ્ધતિ અન્વયે સંદર્ભ-(૩) હેઠળના પત્રથી અર્બન સેલ પાસે બેલેન્સમાં રહેલ ડિપોઝીટની રકમ તાત્કાલીક બોર્ડને પરત કરી દેવા જણાવેલ. ઉપરાંત, ડિપોઝીટની રકમનો વિગતવાર હિસાબ અર્બનસેલ દ્વારા અલાયદા રજીસ્ટરમાં રાખી તેનુ મોનીટરીંગ તથા પ્રોજેક્ટવાર ખર્ચની માહિતી અર્બનસેલ દ્વારા નિભાવવા જણાવવામાં આવેલ.

સંદર્ભ-(૪)ના કાર્યાલય આદેશ અન્વયે કામોની પ્રગતિ જળવાઇ રહે તે હેતુથી ભુગર્ભ ગટર યોજનાઓના પ્રથમ ફેઝમાં (STP સીવાય) અર્બનસેલ દ્વારા ફંડ ફાળવણીની કાર્યવાહિ કરવાની કાર્ય પધ્ધતિ

પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, અર્બન સેલ દ્વારા નિયત કરવામાં આવેલ. જે મુજબ એનેક્ષર-એ માં માહિતી, જે બીલની ફંડ માંગણી હોય તે તમામ પાસ કરેલ બીલની નકલ અને એનેક્ષર-બી પ્રમાણે પ્રગતિ અહેવાલ ના.કા.ઇ અને કા.ઇ.શ્રીની સહિથી મોકલવા જણાવેલ. આ નકલના અધારે અર્બનસેલ દ્વારા ફંડ ફાળવણીની દરખાસ્ત ફાઇલ પર મુકી નાણાં નિયંત્રકશ્રીના પરામર્શમાં રહી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, અર્બનસેલની મંજુરી મેળવીને કા.ઇ.શ્રી, અર્બનસેલ દ્વારા ફંડ ફાળવણીનો હુકમ કરવા સુચના આપવામાં આવેલ.

સંદર્ભ-(૫) ના કાર્યાલય આદેશથી ફંડ માંગણી અંગેની દરખાસ્ત સંબંધિત મુ.ઇ.શ્રીની ભલામણ અને જરૂરી પ્રમાણપત્રો સહ દરખાસ્ત અર્બનસેલને સાદર કરવા જણાવેલ.

પ્રવર્તમાન કાર્ય પધ્ધતિમાં અનુભવે સુધારો કરવો આવશ્યક જણાય છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા હાથ ધરાનાર કામોના U.T.C. રજુ કરવા અને હિસાબી મેળવણુ જેવી હિસાબી કામગીરી બોર્ડની હિસાબી શાખા દ્વારા જ થાય તે જરુરી છે. આથી અર્બનસેલ મારફત ફંડ ફાળવણીની પ્રવર્તમાન કાર્યપધ્ધતિ તાત્કાલીક અસરથી બંધ કરી તેના સ્થાને નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ થી અન્ય સામાન્ય ફંડ માંગણી અન્વયે વડી કચેરીની હિસાબી શાખા મારફત થતી કાર્યવાહી મુજબ, અર્બન યોજનાઓને લગતી ફંડ ફાળવણીની કામગીરી પણ સમાન પ્રકારે હિસાબી શાખા દ્વારા જ કરવામા આવે તે હેતુસર નીચે મુજબના આદેશ કરવામાં આવે છે.

## -: આદેશ :-

(૧) સંબંધિત વિભાગીય કચેરીઓ દ્વારા અર્બન યોજનાઓની ફંડની માંગણી સંદર્ભે વર્તુળ મારફતે ઝોન સમક્ષ રજુ કરવાના થતા પત્રકનો નમુનો આ સાથે Praforma-B (Urban) તરીકે સામેલ છે. વિભાગીય કચેરીઓ દ્વારા અર્બનની યોજનાઓ સંદર્ભેની ફંડ માગણી માટે આ પત્રકનો ઉપયોગ કરવાનો રહેશે અને તેમાં જે ખર્ચ માટે માંગણી કરી હોય તે Purpose ના કોલમમાં સ્પષ્ટ દર્શાવવાનુ રહેશે. દા.ત યોજનાના જમીન સંપાદન, એફ ક્યુ., રેલ્વે ક્રોસીંગ, રોડ ક્રોસીંગ, કેનાલ ક્રોસીંગ, જંગલ ખાતુ, પી.એમ.સીના બીલો, પ્રી ઓડિટના બીલો, યોજનાની મરામત અને નિભાવણીના બીલો, લાઇટબીલ, પંપીંગ મશીનરી ખર્ચ વગેરે હેતુ દર્શાવવાના રહેશે.

(૨) ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ અંતર્ગત તા.૦૧.૦૪.૨૦૧૮ થી વિભાગીય કચેરીઓ પાસેથી મળેલ દરખાસ્તોની ઝોન કચેરી કક્ષાએ યોગ્ય ચકાસણી કરીને, ઝોન કચેરીઓએ શહેરી યોજનાઓની(અમૃત યોજના સહિત) ફંડ માંગણી નાણાં નિયંત્રકશ્રીને મોકલવાની રહેશે. આ કામો ડીપોઝીટના ધોરણે કરવાના હોવાથી અર્બન કામોની ફંડ માંગણી અલાયદા પત્રથી કરીને તેની સાથે સામેલ Praforma-A (Urban) ના નમુના મુજબનું પત્રક મોકલવાનુ રહેશે. બીલોની નકલ વડી કચેરીને મોકલવાની નથી. આ ફંડની માંગણીઓ અન્વયે ઝોનવાર અન્ય માંગણીઓની જેમ જ બોર્ડની હિસાબી શાખાએ કામગીરી કરવાની રહેશે.

(3) ઝોન કક્ષાએથી પ્રાપ્ત થયેલ માંગણીના પત્રકોની ચકાસણી કરી, હિસાબી શાખાએ ફાઇલ પર નોંધ મુકી નાયબ નાણાં નિયંત્રકશ્રી દ્વારા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી(અર્બન સેલ) ને આ માંગણી/ફાઇલ ચકાસણી/અભિપ્રાય અર્થે મોકલી આપવાની રહેશે. પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી(અર્બન સેલ) દ્વારા આ માંગણીની પ્રોજેક્ટવાર વહિવટી મંજુરી, ઉપલબ્ધ ગ્રાન્ટ, અન્ય ટેકનીકલ બાબતો વિગેરેના સંદર્ભમાં ચકાસણી કરી, આ ફંડ માંગણી અંગે તેઓના અભિપ્રાય સહ ફાઇલ પુન: નાયબ નાણાં નિયંત્રકશ્રીને પરત કરવાની રહેશે. નાયબ નાણાં નિયંત્રકશ્રી દ્વારા આ ફાઇલ ત્યારબાદ ફંડ ફાળવણી કમિટી સમક્ષ અને સભ્ય સચિવશ્રી સમક્ષ રજુ કરી, ફાઇલ પર થયેલ આદેશ/નિર્ણય મુજબની કાર્યવાહિ કરવાની રહેશે.

(૪) અર્બન સેલ દ્વારા માર્ચ-૨૦૧૮ સુધી આ ફંડ અન્વયે નિભાવવામા આવેલ હિસાબોનું તમામ પ્રકારનુ મેળવણુ આગામી દિન-૧૫માં પૂર્ણ કરીને હિસાબી શાખાના સીનીયર મેનેજરશ્રી આર.બી.દરજી અને અર્બન સેલના કાર્યપાલક ઇજનેરશ્રીની સંયુક્ત સહિ સાથેના હિસાબો તાત્કાલિક હિસાબી શાખાને તબદીલ કરવાના રહેશે.

(૫) અર્બનસેલમાં માર્ચ-૧૮ સુધીના યોજનાવાર U.T.C. તૈયાર કરવા તથા માર્ચ-૨૦૧૮ સુધીના ઓડિટ પેરાને લગત તમામ પ્રકારની પ્રકારની કામગીરીનો અંત આવ્યેથી વિભાગીય હિશાબનીશ શ્રી જીગ્નેશ પંચાલ તથા સીનીયર મેનેજર શ્રી આર.બી.દરજીને અર્બન સેલ ખાતેની કામગીરીમાથી મુક્ત કરવાના રહેશે.

(૬) આ પરિપત્ર અમલમાં આવ્યા બાદ શહેરી વિકાસ વિભાગ, કમિશ્નર ઓફ મ્યુનિસિપાલિટી, રીજીયોનલ મ્યુ. કમિશ્નર કચેરીઓ, GUDM, GUDC, GMFB, જેવી શહેરી વિકાસ વિભાગ તથા તેના હેઠળના ખાતાના વડાની કચેરીઓ સાથે તથા પાણી પુરવઠા બોર્ડની ઝોન ઓફિસ, વર્તુળ કચેરી વિભાગ, પેટા વિભાગીય કચેરીઓ સાથેનું શહેરી યોજનાઓ અન્વયેનું જરૂરી તમામ પ્રકારનું સંકલન, પત્રવ્યવહાર અને અન્ય કામગીરી પ્રવર્તમાન વ્યવસ્થા મુજબ અર્બન સેલ દ્વારા જ કરવાની રહેશે.

સદરહુ આદેશનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે..

(તુષાર ધોળકીયા)

સભ્ય સચિવ

બીડાણ :- (૧) Praforma-A (Urban), ઝોન કચેરીના ઉપયોગ સારુ

(૨) Praforma-B (Urban), વિભાગીય કચેરીઓના ઉપયોગ સારુ

**<u>નકલ સવિનય રવાના પ્રતિ,</u>**

(૧) માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી

(૨) વહિવટી સંચાલકશ્રી, GWIL

(3) મુખ્ય વહિવટી અધિકારી શ્રી, વાસ્મો

**<u>નકલ રવાના પ્રતિ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ,</u>**

(૧) મુખ્ય વહિવટી અધિકારીશ્રી, ગુજ. પા.પુ. બોર્ડ, ગાંધીનગર

(૨) નાણાં નિયંત્રકશ્રી, ગુજ. પા.પુ. બોર્ડ, ગાંધીનગર

(૩) અધિક સચિવ(પ્રોજેક્ટ), ન.જ.સં.પા.પુ.અને.કલ્પસર વિભાગ

(૪) પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, અર્બન સેલ, ગુજ. પા.પુ. બોર્ડ, ગાંધીનગર

(૫) મુખ્ય ઈજનેરશ્રી (પ્લા/મોની.)/(યાંત્રિક)/(ટેક,) , ગુજ. પા.પુ. બોર્ડ, ગાંધીનગર

(૬) મુખ્ય ઈજનેરશ્રી ઝોન ૧/૨/૩/૪/૫ વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જુનાગઢ

(૭) અધિક્ષક ઈજનેરશ્રી (તમામ)

(૮) કાર્યપાલક ઈજનેરશ્રી (તમામ)

(૯) સીનીયર મેનેજરશ્રી / નાયબ મેનેજરશ્રી (ના/હિ) (તમામ), બોર્ડ વડી કચેરી, ગાંધીનગર

(૧૦) સીનીયર મેનેજરશ્રી (ના/હિ) ઝોન ૧-૨ વડોદરા/ અમદાવાદ

(૧૧) નાયબ મેનેજરશ્રી (ના/હિ)(તમામ), બોર્ડ વડી કચેરી, ગાંધીનગર

(૧૨) નાયબ મેનેજરશ્રી (ના/હિ) ઝોન ૩-૪-૫ રાજકોટ/ ભુજ/ જુનાગઢ

**<u>નકલ રવાના પ્રતિ જાણ સારુ,</u>**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી (વિજિલન્સ)

(૨) સીસ્ટમ મેનેજરશ્રી, બોર્ડની વેબસાઈટ પર મુકવા સારુ

# PRAFORMA-A

GUJARAT WATER SUPPLY & SEWERAGE BOARD

NAME OF ZONE-

FUND REQUIRED FOR THE PERIOD-

Rs In Lacs)

| SR NO | PROJECT NAME | ADMINISTRATIVE APROVAL AMOUNT | FUND RELEASE UPTO THIS DEMAND | EXPENDITURE UPTO 31.03.2017 | EXPENDITURE DURING 2017-18 | TOTAL EXPENDITURE UPTO THIS DEMAND | FUND DEMAND | | REMARKS |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | NAME OF DIVISION CIRCLE | AMOUNT | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

Certificate that this fund Demand is checked and found correct in all respects

Chief Engineer

# PRAFORMA-B

GUJARAT WATER SUPPLY & SEWERAGE BOARD
NAME OFCircle
Name of Division
FUND REQUIRED FOR THE PERIOD-

(Rs in lacs)

| SR NO | PROJECT NAME | ADMINISTRATIVE APROVAL AMOUNT | FUND RELEASE UPTO THIS DEMAND | EXPENDITURE UPTO 31.03.2017 | EXPENDITURE DURING 2017-18 | TOTAL EXPENDITURE UPTO THIS DEMAND | FUND DEMAND | | | | | REMARKS |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | NAME OF AGENCY | PURPOSE | MB NO/PAGE NO | DATE OF MB RECORDING | AMOUNT | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |

1. Certified that this demand is made on the basis of passed bills received in Division/Circle office
2. Certified that pre audit on bills where ever necessary has been carried out by Auditor & ensured by me.
3. Certified that bill for which Fund demanded is unpaid in Division/Circle office
4. Certified that all required procedure/rules have been followed for work carried out for which fund is demanded
5. Cerified that revised adminstrative approval is not required upto this demand for above project

Divisional Accountant

Executive Engineer

Supritending Engineer